ગાંધીનગર સમાચાર

# બંને પક્ષોની સત્તાવાર યાદી આજે બપોર બાદ જાહેર થશે

## ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક પૂર્વે નિરિક્ષકો અને સંકલન સમિતિની સંયુક્ત બેઠક યોજાઈ ગઈ : મોડી રાત સુધી આખરી ઓપ અપાશે

હવે માત્ર બે જ દિવસ ઉમેદવારીપત્રક ભરવાના બાકી રહ્યા છે. ચૂંટણી ચિત્ર હજુ ધુંધળુ છે. દાવેદારો પણ અસમંજસમાં છે. ટિકિટ મળશે, નહી મળે તેવા તર્કો વચ્ચે દ્વિધાયુક્ત માનસિકતામાં તનાવ અનુભવે છે. આ લખાય છે ત્યાં સુધી બંને પક્ષોમાંથી કોઈ પક્ષે સત્તાવાર ઉમેદવારોની યાદી જાહેર નથી કરી. ભારતીય જનતા પાર્ટીની પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક સાંજે સાત વાગે આરંભાશે અને મોડીરાત સુધી ચાલશે. એ પૂર્વે સ્થાનિક નિરિક્ષકો અને સંકલન સમિતિની સંયુક્ત બેઠક યોજાઈ હતી. ઉમેદવારોની જાહેરાત આજે મોડી રાતે અથવા આવતીકાલે અર્થાત શુક્રવારે બપોરે પણ થઈ શકે અને ત્યાં સુધી પડીકાબજાર ગરમાગરમ રહેશે. કોંગ્રેસની યાદીમાં મળતી બીનસત્તાવાર માહિતી મુજબ પાંચ વોર્ડના ઉમેદવારોના નામો આખરી કરાયા છે. બાકીના ત્રણ વોર્ડની યાદી આવતીકાલ બપોર સુધીમાં પૂર્ણ થશે તેમ જણાવાઈ રહ્યું છે. જોકે મોડી સાંજે કોંગ્રેસની યાદીમાંથી ૧૫-૧૭ નામો જાહેર થવાની પુરી શક્યતા છે. બાકીના જો અને તો ની યાદીવાળા નામો શુક્રવારે જાહેર થશે.

**મહાનગરનો મહાસંગ્રામ**
**- સંજય દૃષ્ટિ**

ભાજપના અંતરંગ વર્તુળોમાં સંભવિતોની ચર્ચા દિવસ દરમ્યાન જોરશોરથી ચાલતી હતી. વોર્ડ નં. ૧માં જાગૃતિબેન પુરોહિત અને જીગાબાપુના નામ લગભગ નિશ્ચિત છે. પરંતુ બાકીની બે બેઠકો માટે નિતિનભાઈ પટેલ, ઉરેનભાઈ પટેલ, કિર્તીભાઈ પટેલ અને વિજયભાઈ પટેલ તથા આદિવાડાના બક્ષીપંચ વર્ગના મહિલામાંથી બે ઉમેદવારો આખિર કરાશે. વોર્ડ નં. ૩માં મહેન્દ્રસિંહ રાણા નિશ્ચિત ગણાતુ નામ છે, જ્યારે પ્રિતિબેન ધવલભાઈ દવે અને રીટાબેન કેતનભાઈ પટેલ નિશ્ચિતતાની નજીક છે. વોર્ડ નં. ૪માં સુભાષભાઈ પટેલ અને સુરેશભાઈ મહેતામાંથી પસંદગી થશે. જ્યારે અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક માટે હિતેષભાઈ મકવાણા કે ધીરૂભાઈ ડોડિયામાંથી ગમે તે ઉમેદવાર બની શકે છે. મહિલા બેઠક માટે વર્તમાન કોર્પોરેટર પ્રવિણાબેન દરજી કે કૈલાશબેન લખવારા અને દર્શનાબેન ઠક્કરમાંથી ગમે તે બે ઉમેદવાર હોઈ શકે છે. વોર્ડ નં. ૫માં ગોવિંદભાઈ પરમાર નિશ્ચિત મનાય છે. જ્યારે પ્રદિપસિંહ બિહોલા, નાઝાભાઈ ધાંધલ અને કનુભાઈ દેસાઈના નામો પેનલમાં હોવાનું મનાય છે. જ્યારે રેણુકાબેન પટેલ અને ભાવનાબેન પાઠકમાંથી એકની ઉમેદવારી નક્કિ છે. વોર્ડ નં. ૬માં સામાન્ય બેઠકમાં કાર્તિકભાઈ પટેલ અને જીજ્ઞેશભાઈ જોષી તથા વિજયભાઈ પટેલમાંથી એક ઉમેદવાર બનશે. જ્યારે બક્ષીપંચની બેઠક પર નાઝાભાઈ ધાંધલ અને પંકજભાઈ ઠાકોર લગભગ કસોકસ ચાલે છે. અનામત મહિલા બેઠક પર મીનાક્ષીબેન જાદવ લગભગ નિશ્ચિત છે. વોર્ડ નં. ૭ની બંને સામાન્ય બેઠકો માટે પાંચ ઉમેદવારો એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. સર્વશ્રી બીપીનભાઈ રાવલ, રુચિરભાઈ ભટ્ટ, ઘનશ્યામભાઈ પટેલ, વિક્રમભાઈ પટેલ અને વિનાયકભાઈ પટેલમાંથી બેની પસંદગી ગુરૂવારે રાત્રે થઈ જશે. વોર્ડ નં. ૮માં મનુભાઈ પટેલનું નામ નિશ્ચિત મનાય છે. જ્યારે અનામત વર્ગની બેઠક માટે નરેશભાઈ પરમારનું નામ એટલુ જ નિશ્ચિત ગણાય છે. બે મહિલા બેઠક માટે હજુ સુધી નામો ચર્ચામાં નથી આવ્યા.

## કોંગ્રેસે ૨૩ ઉમેદવારોની યાદીને આખરી ઓપ આપ્યો હોવાનો અહેવાલ : બાકીના ૯ ઉમેદવારોના નામ બપોર સુધીમાં નિશ્ચિત કરાશે : સાંજે સત્તાવાર જાહેરાત

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**જો... શાળા - કોલેજમાં શિક્ષકોએ માર ન મારવો એ કાયદો છે... પણ હવે પોલીસ આવીને મારી જાય એવી ફેશન આવી છે...!**

# ૨૦૦ કરોડનું કૌભાંડ આચરનાર વિશ્વબંધુ ૨૪ કલાક બાદ પણ હોસ્પિટલમાં...!

## કોર્ટમાં રિમાન્ડ મેળવવા પોલીસે રજુ કર્યો ત્યારે બ્લડપ્રેશર વધી ગયું હવે વધુ ચેકઅપ માટે અમદાવાદ રીફર કરવામાં આવ્યા

ગાંધીનગર, તા.૭

કોબા નજીક નભોઈ ખાતે સ્થિત એક પ્લોટીંગ સ્કીમ જૈન વાટીકાના નામે વિશ્વબંધુ સહીત ૧૦ વ્યકિતઓ સામે વિશ્વાસઘાત અને છેતરપીંડી અંતર્ગત ગુનો નોંધવા પામ્યો છે. એલસીબીની ટીમે વિશ્વબંધુની ધરપકડ કરીને ગઈ કાલે કોર્ટમાં રજુ કર્યા ત્યારે બ્લડ પ્રેશર વધી જતા તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતા. આજે વધુ ચેક અપ માટે અમદાવાદ રીફર કરવામાં આવતા હજુ પણ કોર્ટમાં રજુ કરી શકાયા નથી. પોલીસ હવે ડોકટર આરોપીને ડીસ્ચાર્જ કરે તેની રાહ જોઈને બેઠી છે. ડીસ્ચાર્જ થયા બાદ આરોપીને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ કરાશે.

જૈન વાટીકા પ્લોટીંગ સ્કીમ પાડયા બાદ ૧૪૩ સભ્યોને પ્લોટ વેચ્યા બાદ બીજી પાર્ટીઓની સાથે આ જ જમીનનો દસ્તાવેજ કરીને વિશ્વબંધુએ તથા અન્ય અમદાવાદના નવ શખ્સોએ મળીને અંદાજે રૂ. ૨૦૦ કરોડનું કૌભાંડ આચરી છેતરપીંડી કરી હતી. આ સંદર્ભે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે આરોપી વિશ્વબંધુની ધરપકડ કરી ગઈ કાલે કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવા તજવીજ કરી હતી. દરમિયાન વિશ્વબંધુને બ્લડ પ્રેશર વધી જતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. ૨૪ કલાક બાદ પણ તે હોસ્પિટલમાં હોવાથી રિમાન્ડ મેળવવા કોર્ટમાં રજુ કરી શકાયો નથી. સાંજે વિશ્વબંધુને વધુ તપાસ માટે અમદાવાદની હોસ્પિટલ લઈ જવાયો હતો અને ત્યાં રિપોર્ટ નોર્મલ આવશે અને ડોકટર રજા આપી દેશે ત્યાર બાદ રિમાન્ડ મેળવવા માટે જજ સમક્ષ રજુ કરવામાં આવશે તેમ પી.આઈ. આશુતોષ પરમારે જણાવ્યું છે.

## ખૂણે ખાંચરેથી...

- આજે પણ મુખ્ય રાજકીય પક્ષોએ ઉમેદવારોની યાદી જાહેર કરવાનું ટાળ્યું હોવાથી શહેરમાં રાજકીય ઉત્તેજનાઓ ઉમેદવારોને લઈ ચરમ સીમાએ પહોંચી છે.
- ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી અંગે આજે ચૂંટણી પંચે વધુ એક સમીક્ષા બેઠક યોજી હતી.
- નવમીએ ઉમેદવારી પત્ર ભરવાની સંપૂર્ણ કાર્યવાહીની વિડીયોગ્રાફી કરાવાશે.
- ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી માટે કોંગ્રેસમાં સજ્જનકુમાર વર્મા દિલ્હીથી આવ્યા છે.
- મહાનગરપાલિકાની ચૂંટણી માટે મામલતદાર કચેરીમાં સિંગલ વિન્ડો સિસ્ટમ દાખલ કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં પરીક્ષાનો માહોલ ચાલી રહ્યો છે. ૧૨મી એપ્રિલથી કોલેજોની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે.
- સે-૨૧ના જીમખાનામાં વિવિધ વિભાગો વચ્ચેની રમત ગમતની સ્પર્ધાઓ ચાલી રહી છે.

# જીપીએસસી દ્વારા આખરે ડે. મામલતદાર, ડે. સેકશન અધિકારીનું પરિણામ જાહેર

## આયોગ દ્વારા કુલ ૩૩૬૭ ઉમેદવારોની પસંદગી યાદી જાહેર કરાઈ

ગાંધીનગર, તા. ૭

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૨૧ જૂન-૨૦૧૫ના રોજ લેવામાં આવેલી નાયબ સેક્સન અધિકારી અને નાયબ મામલતદારની પ્રાથમિક કસોટીનું લાંબા સમય બાદ આખરે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં આયોગે કુલ ૩૩૬૭ ઉમેદવારોની પસંદગી યાદી બહાર પાડી છે. જ્યારે ૮ ઉમેદવારોને ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યની વિવિધ કચેરીમાં ખાલી પડેલી અધિકારીઓની જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગના માધ્યમથી ૪૫૦ થી વધુ ડે. સેક્સન અધિકારી અને ડે. મામલતદારની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

ગુજરાત જાહેર સેવા આયોગે સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાનું ગત ૨૧ જૂન ૨૦૧૫ના રોજ રાજ્યભરમાં મહત્વના કેન્દ્રો પર આયોજન કર્યુ હતુ. જેમાં અંદાજે દોઢ લાખ જેટલા ઉમેદવારોએ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા આપી હતી. થોડા સમય બાદ કામચલાઉ આન્સર કી જાહેર કરવામાં આવી હતી પરંતુ ૧૩ જેટલા પ્રશ્નો માટે વિવાદ થતા આ મામલે અનેક ફરિયાદ ઉઠવા પામી હતી. જો કે આયોગે તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવી દીધુ હતુ. અને આજે આયોગની સત્તાવાર વેબસાઈટ પર નાયબ સેક્સન અધિકારી, નાયબ મામલતદારની લેવાયેલી પ્રિલિમ પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું હતુ. જેમાં જનરલ કેટેગરી પુરૂષ વર્ગ ૫૬ ગુણ, મહિલા વર્ગ ૪૮ ગુણ, એસ.સી.બી.સી. કેટેગરી પુરૂષ વર્ગ ૫૬ ગુણ, મહિલા વર્ગ ૪૮ ગુણ, એસ.સી. કેટેગરી પુરૂષ વર્ગ ૫૬ ગુણ, મહિલા વર્ગ ૪૮ ગુણ, એસ.ટી. કેટેગરી પુરૂષ વર્ગ ૪૬ ગુણ મહિલા વર્ગ ૪૦ ગુણ જ્યારે શારીરિક દિવ્યાંગ કેટેગરી માટે ૪૨ ગુણ અને માજી સૈનિક કેટેગરી માટે ૫૩ ગુણ કટઓપ રાખવામાં આવ્યા છે.

કેટેગરી મુજબ આયોગે કુલ ૩૩૬૭ ઉમેદવારોની પસંદગી યાદી મુખ્ય પરીક્ષા માટે બહાર પાડી છે. જે મુખ્ય પરીક્ષા ટુંક જ સમયમાં આયોગ દ્વારા લેવામાં આવશે.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ ડે. મામલતદાર અને ડે. સેક્શન અધિકારીના પરિણામમાં કુલ ૮ ઉમેદવારોને, મોબાઈલ રાખવા, ખોટી સહીઓ કરવા, ઓએમઆર સીટમાં સહી ન કરવા અને ડમી ઉમેદવારો બેસાડવા માટે વગેરે કારણોસર ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે.

### કેટેગરી મુજબ કટઓફ યાદી

| | | | |
|---|---|---|---|
| જનરલ-પુરૂષ | ૫૬ ગુણ, | મહિલા | ૪૮ ગુણ |
| એસ.સી.બી.સી. પુરૂષ | ૫૭ ગુણ | મહિલા | ૪૮ ગુણ |
| એસ.સી. પુરૂષ | ૫૬ ગુણ | મહિલા | ૪૮ ગુણ |
| એસ.ટી. પુરૂષ | ૪૬ ગુણ | મહિલા | ૪૦ ગુણ |
| સારીરિક દિવ્યાંગ વર્ગ | ૪૨ ગુણ | | |
| માજી સૈનિક | ૫૩ ગુણ | | |

## મંથન અપંગ કન્યા સેવા સંકુલમાં ૧૦મીએ કન્યા લગ્ન મહોત્સવ

ગાંધીનગર, તા.૭

કલોલ તાલુકાના હાજીપુરા ગામના મંથન અપંગ કન્યા સેવા સંકુલ દ્વારા આગામી તા. ૧૦મી એપ્રિલને રવિવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે મુકબધિર નવદંપતિ લગ્નગ્રંથિથી જોડાશે. સંકુલના આંગણે સંસ્થાની દીકરી શિલ્પાબેન શાંતિભાઈ રાવળ કડી નિવાસી વિષ્ણુભાઈ દેવાભાઈ રાવળ સાથે પ્રભુતામાં પગલા માંડશે. આ પ્રસંગે આશીર્વાદ આપવા શ્રી માં અનંતાનંદતિર્થજી વહેલાલ ઉપસ્થિત રહેશે તેમ મંથન પરીવાર વતી નિરુબેન અને ગિરીશભાઈએ જણાવ્યું છે.

# ડૉ. પરેશ દવેને પબ્લિક હેલ્થ ચેમ્પીયન ઓફ ઈન્ડીયા એવોર્ડ એનાયત

## સમગ્ર ભારતમાં સરકારમાં રહીને કામ કરીને એવોર્ડ મેળવનાર માત્ર ડો. પરેશ દવે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં જુના સચિવાલય ખાતે સરકારના આરોગ્ય વિભાગમાં અધિક નિયામક જાહેર આરોગ્ય અધિકારી તરીકે ફરજ બજાવતા ડો. પરેશ દવે ને આજે વિશ્વ આરોગ્ય દિવસના રોજ દિલ્હી ખાતે આયોજીત સમારોહમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના વડા ડો. હેન્ક બેકેડમની ઉપસ્થિતિમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી.નડ્ડાના હસ્તે પબ્લીક હેલ્થ ચેમ્પીયન ઓફ ઈન્ડીયા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ડો. દવેને એવોર્ડ મળ્યાની જાણ થતા આરોગ્ય વિભાગે ગૌરવની લાગણી વ્યકત કરી છે. જયારે તેમના મિત્રો અને સાથી કર્મચારીઓએ પણ શુભેચ્છા પાઠવી છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ગત્ વર્ષથી પબ્લીક હેલ્થ ચેમ્પીયન ઓફ ઈન્ડીયા એવોર્ડનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ એવોર્ડ વર્ષ દરમિયાન જાહેર આરોગ્યનું કામ કર્યુ હોય તેને આપવામાં આવે છે. આ કામગીરીથી લોકોના સ્વાસ્થયમાં સુધારા આવ્યા હોય તેને આપવામાં આવે છે. સમગ્ર ભારતમાં વ્યકિતગત કેટેગરીમાં બિન વિવાદાસ્પદ રહીને જેને જાહેર આરોગ્યનું અતિ મહત્વનું કામ કર્યુ હોય અને લોકોના આરોગ્યના માપદંડમાં નોંધપાત્ર સુધારો થયો હોય તેવા વ્યકિતને વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા પબ્લીક હેલ્થ ચેમ્પીયન ઓફ ઈન્ડીયા એવોર્ડથી નવાજવામાં આવે છે. આ એવોર્ડ વિશ્વ આરોગ્ય સંસ્થાની કમિટી નક્કી કરે છે. ત્યારે સમગ્ર ભારતમાં સરકારમાં રહીને જાહેર આરોગ્યનુંકામ કરનાર એકમાત્ર અધિકારી ડો. પરેશ દવે છે જેમને આ એવોર્ડ પ્રાપ્ત થયો છે બાકી જે વ્યકિતઓને એવોર્ડ મળેલ છે તે તમામ એનજીઓ સાથે સંકળાયેલા છે.




# સિવિલમાં વિશ્વ આરોગ્ય દિને કવીઝ સ્પર્ધામાં ૮૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૭

આજે વિશ્વ આરોગ્ય દિવસ અંતગર્ત ઈન્ડીયન એસોસિએશન એન્ડ પ્રીવેન્ટીવ એન્ડ સોશ્યલ મેડીસીન તેમજ ઈન્ડીયન એસોસિએશન પબ્લીક હેલ્થ એસોસીએશનના સંયુકત ઉપક્રમે સિવિલ હોસ્પિટલના ઓપીડી સંકુલ ખાતે કવીઝ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મેડીકલ કોલેજના ૮૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

વિશ્વ આરોગ્ય દિને આઈએપીએસએમ અને આઈપીએચએના સંયુકત ઉપક્રમે ભારતભરમાં આવેલી ૨૦૦ હોસ્પિટલમાં હેલ્થ અવરનેસ અને ડાયાબિટીસ અંગે કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓપીડી બિલ્ડીંગ સંકુલ ખાતે પણ ક્વીઝ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગાંધીનગર મેડીકલ કોલેજના ૮૧ વિદ્યાર્થીઓ જોડાયા હતા. ચાર ટીમના વિદ્યાર્થીઓને ડાયાબિટીસને લઈ વિવિધ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જેમાં ૨ ટીમ સંયુકત રીતે વિજેતા જાહેર થઈ હતી. વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનીત કરાયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પીએસએમના ઓર્ગેનાઈઝેનના સહ પ્રાધ્યાપક ડો. ભાવેશ મોદીએ કર્યું હતું. રાજયના છેવાડાના માનવીને પણ પોતાના આરોગ્ય અંગે જાગૃતિ આવે તે અંગે આ કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેડીકલ કોલેજના ડીન અને સિવિલ સુપ્રરીટેન્ડન્ટ પણ ખાસ હાજર રહ્યા હતા.




# માર્સ મિશન અંગે ઈસરોના ડૉ. એન.એમ. દેસાઈનું વિદ્યાર્થીઓને સંબોધન

## વિજીઈસી-જીટીયુ દ્વારા આયોજિત ત્રિદિવસીય નેશનલ સેમિનારના અંતિમ દિવસે ઈસરોના ડેપ્યુટી ડાયરેકટરનું વકતવ્ય યોજાયું

ગાંધીનગર, તા.૭

ઈસરોના ડેપ્યુટી ડાયરેકટર ડૉ. એન.એમ. દેસાઈ દ્વારા ચાંદખેડાની વિશ્વકર્મા ગર્વમેન્ટ એન્જિનીયરીંગ કોલેજ ખાતે માર્સ મિશન અંગે વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી પ્રદાન કરવામાં આવી હતી. વિજીઈસી-જીટીયુ કાઉન્સિલ દ્વારા આયોજિત ત્રિદિવસીય નેશનલ સેમિનારના અંતિમ દિવસે પ્લેનરિ સેશનમાં ડૉ. દેસાઈએ વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા.

ભારતના પ્રથમ ચંદ્રયાન-૧ દ્વારા સફળ ચંદ્ર મિશનની વાત કરતા ડૉ. દેસાઈએ વિદ્યાર્થીઓને અવકાશયાન દ્વારા રાસાયણિક, ખનિજ અને ભૂસ્તરીય બાબતોની જાણકારી, ચંદ્રનુ મેપિંગ, ફોટો વગેરે તથા ચંદ્રની સપાટીથી માત્ર ૧૦૦ કિમીની ઊંચાઈએ ચંદ્ર આસપાસ પરિભ્રમણ વગેરે અંગેની તલસ્પર્શી માહિતી પ્રદાન કરી હતી. ભારત, અમેરિકા, યુકે, જર્મની, સ્વીડન અને બલ્ગેરિયા દ્વારા આ પ્રકારે વૈજ્ઞાનિક સાધન અવકાશયાન વહન કરે છે તેમ જણાવ્યું હતું. ડૉ. દેસાઈએ મંગળયાન અંગે પણ વિગતવાર જાણકારી આપતા માર્સ ઓર્બિટર મિશન, તેના દ્વારા હાથ ધરાયેલ કાર્યો અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. મંગળયાન એ ઈસરો દ્વારા હથ ધરાયેલ પ્રથમ આંતરગ્રહીય મિશન હોવાનું જણાવતા સોવિયેટ, નાસા, યુરોપિન સ્પેસ એજન્સી પછી ચોથા ક્રમનો અવકાશી કાર્યક્રમ હોવાનું જણાવ્યું હતું. જેણે ૨૯૮ દિવસ સુધી પરિવહન કરી સફળતાપૂર્વક મંગળની પરિભ્રમણ કક્ષામાં સ્થાપિત થયું હતું. ડૉ.દેસાઈને સાંભળવા વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લ્હાવો લીધો હતો.

# વગડાવાળી ચેહર માતાના મંદિરે મહાચંડી કોટિયાગનું આયોજન

ગાંધીનગર, તા.૭

શ્રી મહાચંડી કોટિયાગ સમિતિ દ્વારા આગામી તા. ૧૪થી ૨૨ એપ્રિલ સુધી સવારે ૯.૦૦ કલાકે સેકટર-૩ સ્થિત વગડાવાળી ચેહર માતાજીના મંદિર ખાતે મહાચંડી કોટિયાગ મહાયાગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ નવ દિવસ દરમિયાન પ્રથમકુંડમાં અંબુસિંહજી ગોલ અને અશ્વિનકુમાર જાની, બીજા કુંડમાં યોગીનકુમાર પટેલ, ખોડાભાઈ દરજી, ત્રીજાકુંડમાં લાલસિંહજી વાઘેલા, વાડીલાલ વોરા, ચોથાકુંડમાં મહેન્દ્રકુમાર ઠકકર, પ્રેમલસિંહજી ગોલ, પાંચમાં કુડમાં કૌશિકભાઈ દેસાઈ, નરેશકુમાર દવે, છઠ્ઠા કુંડમાં જીજ્ઞેશભાઈ જાની, નીતિનકુમાર પટેલ, સાતમા કુંડમાં સુરેન્દ્રસિંહજી રાજપૂત, રાજુભાઈ પટેલ, આઠમા કુંડમાં રમણભાઈ પટેલ, શંકરલાલ બળદેવભાઈ પ્રજાપતિ તેમજ નવમા કુડમાં પ્રવીણચંદ્ર પટેલ અને કીર્તિભાઈ પટેલ સહિતના યજમાનો મહાચંડી કોટિયાગના મહાયાગમાં આહુતિ આપશે.

આ નવચંડી મહાયાગની પૂર્ણાહુતી તા. ૨૨મી એપ્રિલના રોજ કરવામાં આવશે. તથા શુક્રવારના રોજ સાંજે ૪.૩૨ કલાકે આરતીનું પણ આયોજન કરાયું છે. આ ધાર્મિક પ્રસંગે ગુજરાત તથા ભારત સરકાર દ્વારા સન્માનિત મહાયાગના આચાર્ય પ્રો. ડૉ. હરનારાયણભાઈ પંડયા, દ્વારકાપીઠના શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદજી સરસ્વતી મહારાજ અને મહાયાગના ઉપાચાર્ય સુરેશચંદ્ર ભટ્ટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧